# મહુધામાં ૧૨ ઈંચ વરસાદ થતાં જળબંબાકાર સર્જાયો

અમદાવાદ, તા.૯

ગુજરાતના અનેક વિસ્તારોમાં પડી રહેલા ભારે વરસાદને પગલે હવામાન વિભાગે ખેડા જિલ્લામાં ૨૪ કલાકમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી હતી, જેના અનુસંધાનમાં આજે ખેડા જિલ્લાના મહુધામાં આજે સવારના ૬ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધીમાં લગભગ ૩૦૦ મિ.મિ. એટલે કે ૧૧ કલાકમાં જ ૧૨ ઈંચ વરસાદ ખાબકતાં સમગ્ર મહુધા પંથક જાણે બેટમાં ફેરવાઈ ગયો હતો.

મહુધામાં સર્વત્ર પાણી જ પાણી અને જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. બપોરના ૧૨થી ૨ વાગ્યા દરમિયાન ૧૬૮ મિ.મિ. એટલે કે બે કલાકમાં જ સાડા છ ઈંચ વરસાદ પડતાં મહુધાના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ બન્યા હતા. હજુ પણ ખેડા જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે જિલ્લા કલેક્ટર સુધીર પટેલે લોકોને તકેદારી રાખવા સૂચના આપી હતી. વરસાદના સંજોગોમાં બહાર નહી નીકળવા, પાણી ભરાયા હોય એવા સ્થળો, નદી કાંઠાઓ, તળાવો, ચેકડેમોથી દૂર રહેવા, વીજ પોલ અને ટ્રાન્સફોર્મરથી દૂર રહેવા અને જરૂર લાગે ત્યારે સલામત સ્થળે ખસવા માટે સુસજ્જ રહેવા અનુરોધ કર્યો હતો. આ સિવાય કલેક્ટરે તમામ તાલુકા પંચાયત તંત્ર, જિલ્લા પંચાયત તંત્ર અને જિલ્લા પોલીસ તંત્રને સતર્ક રહેવા સૂચના આપી હતી. તેની સાથે સાથે નડીયાદ નગરપાલિકા તંત્રને પણ એલર્ટ કર્યું હતું.તમામ તાલુકા પૂર નિયંત્રણ કક્ષોને જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ સાથે સતત સંપર્ક જાળવવા અને વરસાદી ઘટનાઓની સતત જાણ કરવા સૂચના આપી હતી.

હવામાન વિભાગની આગાહીના પગલે ગત રોજ સાંજથી વાતાવરણમાં પલટો આવ્યો હતો અને રાત્રી દરમિયાન દક્ષિણ ગુજરાતમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ કુકરમુંડામાં ૮ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે નીઝરમાં સાત ઈંચ વરસાદ ખાબક્યો છે. સુરત જિલ્લાના ઉમરપાડામાં ૪ ઈંચ વરસાદ પડ્યો છે. ઉચ્છલ,સુબિર અને માંગરોળમાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે માંડવી અને સોનગઢમાં બે ઈંચ જેટલો વરસાદ પડ્યો છે.

# રાજ્યભરમાં ચોમાસાની જમાવટ

## રાજ્યભરમાં ભારે વરસાદ થતાં ૧૫૪થી વધુ માર્ગો બંધ કરાયા

અમદાવાદ, તા.૯



અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત રાજયમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. સૌથી વધુ છોટાઉદેપુરમાં ૨૪ કલાકમાં ૧૫ ઈંચ વરસાદ ખાબકયો છે. વહેલી સવારથી જ ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી રહ્યો હોવાના અહેવાલો મળી રહ્યા છે. રાજયમાં ભારે વરસાદની પરિસ્થિતીની આગાહીને ધ્યાને લઈને રાજ્યનું સમગ્ર વહીવટીતંત્ર સતર્ક છે. તમામ જિલ્લાઓને એલર્ટ પર રહેવા સૂચના આપવામાં આવી છે.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જણાવ્યા મુજબ, હજુ ત્રણ ત્રણ દિવસ સુધી રાજયભરમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વચ્ચે રાજ્યમાં કોઈ સ્થળે વધુ સ્થિતિ ગંભીર બને તો તેવા સંજોગોમાં રેસ્કયુ સહિતની કામગીરી સત્વરે પૂરી પાડવા માટે એનડીઆરએફની ૧૮ ટીમો અને એસડીઆરએફની ૧૧ ટીમો તહેનાત કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં એનડીઆરએફની ૭ ટીમ, સૌરાષ્ટ્રમાં ૫ ટીમ, ઉત્તર અને પૂર્વ ગુજરાતમાં ત્રણ-ત્રણ ટીમો કાર્યરત છે. રાજ્યમાં વરસી રહેલા ભારેથી અતિ ભારે વરસાદને પરિણામે મોટાભાગના પંથકો અને વિસ્તારોના કોઝવેમાં પાણી ભરાયા છે અને રાજયના ૧૫૪ થી વધુ રસ્તાઓ બંધ છે. જેમાં તાપી જિલ્લાના ૩૯, છોટાઉદેપુરમાં ૩૧ રસ્તાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત ૧૬ થી વધુ ગામોને વીજળીની અસર થઈ હતી. આજે સવાર સુધીમાં ૨૧૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો હતો. જેમાં છોટાઉદેપુર તાલુકામાં ૩૩૬ મિમી, કવાંટમાં ૨૮૨ મિમી, કુકરમુંડામાં ૨૦૭ મિમી વરસાદ થયો છે. આ સાથે રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૬૬.૪૦ ટકા થયો હતો.

રાજ્યના ૧૩ જળાશયો પણ છલકાયા હતા. સરદાર સરોવરમાં ૭૫.૯૯ ટકા જળસંગ્રહ થયો હતો. રાજ્યમાં ભારે વરસાદ પડે તો સમગ્ર પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર સજ્જ છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા તમામ જિલ્લાઓ સાથે સતત સંપર્ક કરીને મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. સંભવિત અસરગ્રસ્ત તમામ વિસ્તારો માટે તંત્ર દ્વારા રાહત અને બચાવ ટીમો સ્ટેન્ડ ટુ રખાઈ છે.

# અરવલ્લી જિલ્લામાં અત્ર-તત્ર-સર્વત્ર મેઘરાજાની ધબધબાટી

## ધનસુરામાં 3 કલાકમાં ૪ ઈંચ વરસાદથી જનતાનગર વિસ્તારમાં પાણી ઘૂસ્યા : મોડાસામાં ચાર રસ્તા પર પાણી ફરી વળ્યાં, જિલ્લાના નીચાણવાળા વિસ્તાર બેટમાં ફેરવાયા

ધનસુરા, તા. ૯





બંગાળની ખાડીમાં સર્જાયેલું લો-પ્રેશર ડીપ ડીપ્રેશનમાં ફેરવાતાં હવામાન વિભાગે ઉત્તર ગુજરાત સહીત રાજયના અનેક જીલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકવાની આગાહી કરી હતી. અરવલ્લી જીલ્લામાં હવામાન ખાતાની આગાહી પ્રથમ વાર સાચી પડતા સમગ્ર જીલ્લામાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. ધનસુરામાં ૩ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબકતા જનતાનગર વિસ્તારમાં ઘરોમાં પાણી ફરી વળતા પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. મોડાસામાં નીચાણવાળા વિસ્તારો અને ચાર રસ્તા પર પાણી ફરી વળતા પ્રજાજનો અને વાહનચાલકોને ભારે તકલીફ પડી હતી.

ગુજરાતમાં છેલ્લા કેટલાયે સિવસથી દે માર વરસાદ વરસી રહ્યો છે. વરસાદનીએ આ ધમાકેદાર બેટિંગ હજી ૪૮ કલાક યથાવત રહેશે તેવી આગાહી વ્યકત કરવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા. ખેતરો બન્યા જળબંબાકાળ, અરવલ્લી જિલ્લામાં અવિરત વરસી રહેલા વરસાદથી નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ગઈકાલે સાંજે ધીમી ધારે પડી રહેલા વરસાદે આજ સવારે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા એકાદ કલાકમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ પડતાં અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સાથે ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં આવેલા ઝુંપડાઓમાં પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા. જાહેર માર્ગો ઉપર પાણી ફરી વળ્યા હતા.

બાયડ શહેરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીથી નીચાણવાળી વિસ્તાર સહીત વલ્લભનગર અને ગિરિરાજ સોસાયટીમાં ઢીંચણ સમા પાણી ભરાયા હતા. બોરડી ગામના મહાદેવના મુવાડા ગામે ધોધમાર વરસાદથી હેંડપંપમાં આપોઆપ પાણી બહાર નીકળતા પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. સાઠંબા ગ્રામપંચાયતમાં સમાવિષ્ઠ ચોપલાવત ગામે દાદાના મુવાડા અને ધનાજીના મુવાડા તરફ જતાં રસ્તાની બંને ડીપ બે વર્ષથી ડીપ તૂટેલી હાલતમાં છે. વારંવાર તંત્રને રજૂઆત છતાં તંત્ર આંખ આડા કાન કરતા સ્કૂલમાં જતા બાળકો અને ડેરીમાં જતા પશુપાલકોને જીવના જોખમે રસ્તો પસાર કરવા મજબુર બન્યા હતા.



## વડગામમાં ૨૪ કલાકમાં સવા બે ઇંચ વરસાદ

વડગામ તાલુકામાં ૨૪ કલાકમાં સવા બે ઈંચ જેટલો વરસાદ વરસવા પામ્યો છે. વડગામ મામલતદાર કચેરીના ડીઝાસ્ટરના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વડગામ પંથકમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૫ મી.મી વરસાદ નોંધાવા પામ્યો છે. દિવસ દરમિયાન ઝરમર ઝરમર વરસાદ ચાલુ રહેવા પામ્યો છે. મોસમનો કુલ વરસાદ ૨૫૭ મી.મી. નોંધાવા પામ્યો છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે ત્યારે વડગામ પંથકમાં બપોર બાદ ભારે ગાજવીજ સાથે ઝરમર ઝરમર વરસાદ ચાલુ રહ્યો હતો.

# ડીસા નગરપાલિકાનો પ્રીમોન્સુન પ્લાન પાણીમાં

ડીસા, તા. ૯

'દેર આયે પર દુરસ્ત આયે' ઉક્તિ મુજબ ડીસામાં ગત ગુરુવારની મોડી રાતે બે ઈંચ વરસાદ ખાબકતા અનેક સોસાયટીના ઘરોમાં વરસાદી પાણી ફરી વળ્યાં હતા તેથી પાલિકાનો પ્રીમોન્સુન પ્લાન ફરી એકવાર પોકળ પુરવાર થયો હતો.



આગાહી વચ્ચે ડીસામાં લાંબા વિરામ બાદ ગત રાત્રે બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો તેથી ઠંડક પ્રસરી ઉઠતા શહેરીજનોએ હાશકારો અનુભવ્યો હતો પરંતુ ચોમાસા પૂર્વે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ન ભરાય તે માટે નગરપાલિકા દ્વારા પ્રીમોન્સુન પ્લાન ઘડાયો હતો જેમાં આગોતરા આયોજનના ભાગરૂપે ભારેખમ જેસીબી મશીન વડે શહેરની મોટાભાગની ગટરોની સાફસફાઈ કરાઈ હતી. પાલિકાની ટીમ દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં વિશેષ તકેદારી રખાઈ હતી પરંતુ ગત ગુરુવારની રાત્રે પડેલા બે ઈંચ વરસાદના કારણે શહેરમાં ઠેકઠેકાણે પાણી ભરાવાની બુમરાડો વચ્ચે અભય સોસાયટી અને ચંદ્રલોક સોસાયટી સહિત અન્ય વિસ્તારોમાં વરસાદી પાણી રહેણાંક ઘરોમાં ઘુસી ગયુ હતુ. તેથી રહીશોની હાડમારીઓ વધી પડતા પાણી ઉલેચવાનો વારો આવ્યો હતો જેથી પાલિકાના પ્રીમોન્સૂન પ્લાનની પોલ ખુલી જતા રહીશોમાં રોષ છવાયો હતો. અન્ય જાહેર માર્ગો ઉપર પણ વરસાદી પાણી ભરાયાંના અહેવાલો સાંપડે છે. આગાઉ પણ બસ સ્ટેન્ડ, આદર્શ હાઈસ્કૂલ રોડ, ભણસાલી રોડ ઉપર પાણી ભરાયા હતા જેને ગંભીરતાથી લઈ પાલિકા દ્વારા સત્વરે ઘટતાં પગલાં ભરાય તેવો જનમત પ્રવર્તે છે.

## શામળાજીના વાંદીયોલ ગામે પુલના અભાવે

# મેશ્વો નદીમાં પાણી આવતા ૮થી વધુ ગામો સંપર્ક વિહોણા

શામળાજી, તા. ૯

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારો આઝાદીના ૭૨ વર્ષ પછી પણ વિકાસથી



જોજનો દૂર છે. મોટા ભાગના આદિવાસી બહુમતી ધરાવતા ગ્રામ્ય વિસ્તારો હજુ પણ પ્રાથમિક સુવિધાથી વંચિત છે. શામળાજી નજીક આવેલા વાંદીયોલ ગામ નજીકથી પસાર થતી મેશ્વો નદી પર પુલ બનાવવાની વર્ષો જૂની માંગ અંગે જવાબદાર તંત્ર આંખ આડે કાન કરતા દર વર્ષે ચોમાસાની ઋતુમાં ૮ જેટલા ગામો સંપર્ક વિહોણા બનતા ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગથી જીલ્લાભરના પ્રજાનોમાં આનંદ છે, બીજી બાજુ વાંદીયોલ સહીત ૮ ગામના ગ્રામજનોમાં ભારે નિરાશા પ્રવર્તી રહી છે. મેશ્વો નદી પર પુલના અભાવે ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુકાતા પુલ બનાવવા માટે કામગીરી શરુ નહિ કરવામાં આવે તો ગ્રામજનોએ જળ સમાધિ લેવાની ચીમકી ઉચ્ચારી હતી.

મેશ્વો નદીમાં પાણી આવી જતા ૧ હજારથી વધુ લોકો મુસીબતમાં મુકાયા હતા. મેશ્વો નદીના કિનારે વાદીયોલ ગામ આવેલું છે. વાદીયોલ ગ્રામપંચાયત વિસ્તારમાં મેશ્વો નદીને પેલેપાર ૮ ગામ આવેલા છેઆ તમામ ગામોનો મુખ્ય વ્યવહાર વાદીયોલ ગામ સાથે છે. ગ્રામજનોને દૂધ ડેરી સેવામાંડળી ગ્રામપંચાયત આંગણવાડી અનાજ કરીયાનું શાળા આ તમામ વ્યવહાર વાદીયોલ ગામમાં છે. શામળાજી પંથકમાં ધોધમાર વરસાદ ખાબકતા મેશ્વો નદીમાં પાણી આવતા ૮ ગામના લોકો સંપર્કવિહોણા બનતા ભારે હાલાકીનો સામનો ભોગવવો પડી રહ્યો છે. મેશ્વો નદીના વહેણ ઓછા થાય તેવી પ્રભુને પ્રાર્થના કરી રહ્યા હતા.

# વડગામ પંથકના ગ્રામ્ય વિસ્તારોના માર્ગો પર પાણી ભરાઈ રહેતું હોવાથી હાલાકી

વડગામ, તા. ૯

વડગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રોડ વચ્ચે જ નજીવા વરસાદમાં પાણી ભરાઈ રહેતા હોવાથી વાહન ચાલકોને તેમજ લોકોને મુશ્કેલીઓ વેઠવી પડે છે.

વડગામ પંથકમાં નજીવા વરસાદમાં જ વડગામ તાલુકાના મેમદપુરથી વડગામ જવાના રોડ ઉપર વડગામથી માર્કેટયાર્ડ જવાના તુટેલા માર્ગ ઉપર મેગાળ નજીક પિલુચામાં પેટ્રોલ પંપની નજીક મેમદપુરથી ધોતા તેમજ વાસણ(સે)થી નવીસેધણી જવાના રોડ ઉપર ઘુંટણ સમા પાણી ભરાઈ રહેતા હોવાથી રોડ ઉપરથી વાહન ચાલકોને પસાર થવું મુશ્કેલ બની જાય છે એમાંય બાઈક, સ્કુટર, રિક્ષા જેવા નાના વાહનો પાણી વચ્ચે જતાં જ બંધ પડી જતાં હોય છે જેના કારણે વાહનના ચાલકો તેમજ વાહનમાં બેઠેલા લોકોને રોડ વચ્ચે ભરાઈ રહેતા પાણીના કારણે હાડમારીઓ વેઠવી પડે છે. રાહદારીઓને પણ ભારે હાડમારીઓ વેઠવી પડે છે. માર્ગ અને મકાનના સત્તાધીશો દ્વારા રોડ ઉપર જ્યાં નાળાની જરુર હોય ત્યાં



નાળા મુકવામાં આવતા નથી જેના કારણે તાલુકાના મોટા ભાગના ગામડાઓના માર્ગો પાણીમાં ગરકાવ થઈ જાય છે. કેટલીક જગ્યાએ રોડની બંને સાઈડોમાં ખેતરોના માલિકો દ્વારા આડેધડ મોટાં મોટાં પાળા બાંધી દેતાં હોવાથી પાણી જવાનો કોઈ નિકાલ રહેતાં ન હોવાથી પાણીનો ભરાવો થઈ જાય છે જેના કારણે એનેક વાહન ચાલકો અને લોકોને મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. ત્યારે સ્ટેટ અને જિલ્લા પંચાયતના માર્ગ અને મકાનના સત્તાધીશો દ્વારા આ રોડ ઉપર ભરાય રહેતાં પાણીનો કાયમી નિકાલ કરવામાં આવે તેવી પ્રજાજનોમાંથી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## નર્મદા ડેમ... ●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

ગાોલ્ડનાબ્રીજના અસરગ્રસ્તોને સલામત સ્થળે ખસેડાયા હતા. નર્મદા ડેમમાંથી પાણી છોડવામાં આવતા આજે રાજયના સીએમ વિજય રૂપાણી અને ડેપ્યુટી સીએમ નીતિન પટેલે ડેમની મુલાકાત લીધી હતી અને ભારે શ્રધ્ધાપૂર્વક નર્મદા માતાના ભાવ સાથે વધામણાં કર્યા હતા અને નર્મદા મૈય્યાને નમન કર્યા હતા. સીએમની સૂચનાથી નર્મદા ડેમમાંથી ૬ લાખથી વધારીને ૮ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું. બાદમાં તે, ઘટાડીને ૩ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ગુરુવારે મોડી સાંજે ડેમમાં ૨૯,૭૪૫ એમસીએમ પાણીનો જથ્થો હતો. ઉપરવાસમાં ભારે વરસાદને પગલે પાણીની આવક વધતા નર્મદા ડેમમાંથી ૩ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. તેના કારણે કાંઠા વિસ્તારોમાં હાઈ એલર્ટની સ્થિતિ સર્જાઈ છે. તકેદારીના પગલાના ભાગરૂપે ક્લાસ વન શ્રેણીના ૧૦ અધિકારીઓને કાંઠા વિસ્તારના ૪૨ ગામોમાં કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે તહેનાત કરાયા છે. અધિકારીઓને સ્થાનિક મામલતદાર, સરપંચ, તલાટી તથા પોલીસ સાથે સંકલન સાધવા જણાવવામાં આવ્યું હતું. સાથે જ રાહત અને બચાવ કામગીરી માટે ટ્રેક્ટર, જેસીબી તૈયાર રખાયા હતા. નર્મદા જિલ્લામાં કાંઠા વિસ્તારના મોટાભાગના ગામો ઊંચાઈ પર આવેલા છે. તેમ છતાં પણ પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે. રાજ્યનાં ત્રણ જિલ્લા વડોદરા,ભરૂચ, નર્મદા જિલ્લાનાં કાંઠા વિસ્તારનાં ગામોને એલર્ટ અપાયું. વહીવટી તંત્ર દ્વારા નદીકાંઠા વિસ્તારમાં અવર જવર નહિ કરવા સૂચના આપી દેવાઈ. ઉલ્લેખનીય છે કે નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીએ સરદાર સરોવર ડેમને ૧૩૧ મીટર ભરવાની પરવાનગી આપી હતી.

## અભિન્ન અંગ... ●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

માહોલા સર્જવાના પ્રયાસ કરી રહ્યું છે. કુમારે કહ્યું હતું કે, પાકિસ્તાન એટલા માટે પરેશાન છે કે, જો જમ્મુ કાશ્મીરનો વિકાસ થયો તો તે ત્યાના લોકોને ગુમરાહ કરી શકશે નહીં. પાકિસ્તાનને ભારતના આંતરિક મામલામાં દરમિયાનગીરી ન કરવાની સલાહ આપતા રવિશકુમારે કહ્યું હતું કે, ભારતના સંપ્રભુ મામલામાં બેબુનિયાદ વિષયોને પાકિસ્તાન જોડી રહ્યું છે. જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ અને ૩૫ એ નિષ્પ્રભાવી કરવામાં આવ્યા બાદથી પાકિસ્તાન સતત ભારતની છબિ ખરાબ કરવાનાં પ્રયાસો કરી રહ્યું છે. જે અંગે ભારતનાં વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા રવીશ કુમારે શુક્રવારે કહ્યું કે, ભારત જોશે કે પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્રના મંચ પર કેવા પ્રકારે જમ્મુ કાશ્મીરનો મુદ્દો ઉઠાવે છે. અમારી મજબુત તૈયારી છે. રવીશ કુમારે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, જ્યાં સુધી પાકિસ્તાન અધિકૃત કાશ્મીરનો મુદ્દો છે તો તે પણ ભારતનો અભિન્ન અંગ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાને જમ્મુ કાશ્મીરના મુદ્દે સંયુક્ત રાષ્ટ્રમાં ઉઠાવવાનો નિર્ણય લીધો છે. રવિશ કુમારે જણાવ્યું કે, પાકિસ્તાનમાં ફરજંદ ભારતનાં ઉચ્ચાયુક્ત અજય બિસારીયા હાલ દિલ્હી નથી. અમે હાલ પાકિસ્તાનને આ અંગે ફેરવિચાર કરવા માટે જણાવ્યું છે, જેથી હજી તેમની વાપસી નિશ્ચિત છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરનાં મુદ્દે નારાજગી વ્યક્ત કરવા માટે પાકિસ્તાને ભારતનાં હાઈકમિશ્નરને ઈસ્લામાબાદ છોડવા જણાવ્યું છે. પાકિસ્તાન દ્વારા ભારત સાથે વ્યાપારીક સંબંધો ખતમ કરવા અને સમજોતા એકસપ્રેસનું સંચાલન બંધ કરવાનાં સવાલ અંગે રવીશ કુમારે કહ્યું કે, આ બંન્ને નિર્ણયો એકતરફી લેવાયા છે.

## ટીમ કાર્યરત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દિપડાનુ રહેઠાંણ શોધવા માટે વનતંત્રએ ટીમ બનાવી છે. દિપડાને હવે ગમે તે રીતે કેદ કરી લેવા માટે વનતંત્રએ થાની લીધુ છે. નદી કીનારાના વિસ્તારમાં લાંબા સમયથી આંટા મારતા દિપડો અવારનવાર ગ્રામજનોની નજરે ચઢે છે. જયારે દિપડાએ આ વિસ્તારમાં વસવાટ કર્યો હોવાથી તેનો પરિવાર પણ સાથે હશે તેમ ચોક્કસ રીતે વનતંત્રનુ માનવુ છે. ઘણાં સમયથી ગામોની સીમમાં આંટા મારતા દિપડાને કેદ કરવા માટે વનતંત્ર પ્રયત્નશીલ છે. ત્યારે હજુ સુધી આ દિપડો વનતંત્રની ગિરફતમાં આવ્યો નથી.

## ભાર મૂક્યો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ટીમે જિલ્લામાં જે કામો મંજૂર થયેલા છે તે કામો નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા આગ્રહ કર્યો હતો. ચેકડેમ અને આવરા-જાવરાના કામોની ગુણવત્તા બાબતે મોનીટરીંગ કરવામાં આવે તેમ પણ સૂચવ્યુ હતુ.

જિલ્લાતંત્રએ જનજાગૃતિ અભિયાનની ઉપાડેલી ઝુંબેશની વિગતો આપતાં જણાવ્યુ હતુ કે ખેડૂતો પણ પરંપરાગત ખેતીને બદલે ખેતીમાં આધુનિક સિંચાઈ પદ્ધતિઓ અપનાવે તે માટે શરૂ કરાયેલ લઘુ-ગુરૂ શિબિરોના આયોજનની વિગતો અને જે શિબિરો થઈ છે તેમાં ખેડૂતોએ દાખવેલ રસ તેમજ મળેલ પ્રતિસાદની વિગતો પણ રજુ કરી હતી.

આ ઉપરાંત જળ સંચય માટે ૧૫મી ઓગષ્ટના રોજ યોજાનાર ધ્વજવંદન કાર્યક્રમોમાં પણ ખાસ શપથ લેવડાવવામાં આવનાર છે તેની વિગતો આપી હતી. બાળકો માટે જળસંચય અંગે યોજાયેલ વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાની પણ વિગતો રજુ કરી હતી. આ ઉપરાંત ગામે ગામ યોજાયેલ બાળરેલીની પણ જાણકારી આપવામાં આવતાં ટીમે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય ટીમે સ્વૈચ્છીક સંગઠ્નો અને સામાજિક સંગઠ્નોને પણ આ ઝુંબેશમાં સાંકળવા પર ભાર મુક્યો હતો. ટીમે આજે કેટલીક સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓ સાથે પણ કલેક્ટર કચેરીમાં બેઠક યોજી હતી.

જિલ્લામાં જળશક્તિ અભિયાન અંતર્ગત ૧૧૧ જેટલા કામોનું આયોજન કરાયુ છે. ૧૫મી સપ્ટેમ્બર સુધી આ અભિયાન જિલ્લામાં ચાલશે. તંત્રએ મિશન મોડ પર લીધેલ કામગીરીની વિગતો પણ આપી હતી.

## સાર્વત્રિક વરસાદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાં દોઢ ઈંચ, ગાંધીનગર અને કલોલમાં એક-એક ઈંચ અને માણસામાં અડધા ઈંચ જેટલો વરસાદ સાંજે ૬ વાગ્યા સુધીમાં નોંધાયો હતો. ગ્રામીણ વિસ્તારોના તળાવમાં નવા પાણીની આવક થતાં તેનો ફાયદો જિલ્લાના ભૂગર્ભજળના રિચાર્જીંગને થશે તેમ મનાઈ રહ્યુ છે.

## મન મૂકીને

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દહેગામ તાલુકામાં એક ઈંચ થયો હતો. જયોર કલોલમાં અડધો ઈંચ અને માણસામાં મેઘરાજાએ છાંટણા વરસાવ્યા હતા. ગાંધીનગરમાં સિઝનનો ૨૭૧ મી મી અલબત્ત ૧૧ ઈંચ વરસાદ થયો છે. પરંતુ મેઘરાજા ધમધોકાર વરસી ચોમેર પાણી પાણી કરી દે તેવા વરસાદનો નગરજનો ઈન્તજાર કરી રહ્યા છે. આજે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા ચાલુ રહ્યા હતા વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ યથાવત રહેતા નગરજનોએ ખુશ્નુમા વાતાવરણની મજા માંણી હતી. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે કાદવ કીચ્ચડ અને ગંદકીના દ્રશ્યો જોવા મળ્યા હતા. વરસાદી વાયરા વચ્ચે સેકટરોમાં રખડતા ઢોરની સમસ્યા પણ વકરી હોવાથી સ્થાનિકો માટે જટીલ સમસ્યા ઉભી થવા પામી છે.